

સંસાર અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે
—એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે.

*—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૬] * **આત્મધર્મ** * [અંક-૮ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ ફેબ્રુઆરી-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ પંચમગતિનિવાસી શ્રી સિદ્ધભગવાન પંચમજ્ઞાન કેવલજ્ઞાનકે ધારી હૈં. ઉનકા સ્વરૂપ હી ભવ્યજીવોંકો ઉનકે સમાન હોનેકી શિક્ષા દેતા હૈં. વે સર્વ ભયસે રહિત હૈં, આનંદામૃતમેં રમણ કરનેવાલે વીતરાગ પરમ શુદ્ધ જિન હૈં. વે જ્ઞાનચેતનાકે ધારી આત્મિક કમલકે રસમેં રમણ કરનેવાલે જિનેશ હૈં. વે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય–ચાર ચતુષ્ટયકે ધારી હૈં, તારણ-તરણ જિન હૈં, મુક્તિમેં સદા રહનેવાલે હૈં. ૬૧૧.

*(શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ–૨, પાનું–૧૫૮)*

❀ 'પ્રભુતા' પોતાના ઘરમાં રહે છે. 'દુ:ખ' નીચ એવા પારકા ઘરમાં રહે છે. આ પ્રત્યક્ષ રીત વિચારીને પોતાના ચેતનઘરમાં રહો. ૬૧૨.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું–૧૬૨)*

❀ જે પુરાણા કર્મોને ખપાવે છે, નવા કર્મોને આવવા દેતો નથી ને દરરોજ જિનદેવને ધ્યાવે છે, તે જીવ પરમાત્મા થઈ જાય છે. ૬૧૩.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૯૩)*

❀ દર્શનમોહનીયનો ક્ષય કરનારા મનુષ્યો પ્રાય: અસંયમી રહે છે અને તે સંયમને પ્રાપ્ત થતાં પ્રાય: મહાવ્રતોને જ ધારણ કરે છે, અણુવ્રતો ધારણ કરતાં નથી. ૬૧૪. *(શ્રી ધવલા, પુસ્તક–૫, પાનું–૨૭૭)*

❀ એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે ! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી. ૬૧૫. *(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનુપ્રેક્ષા-અધિકાર, ગાથા–૧૧)*

❀ હે જીવ ! યહ શરીર તેરા શત્રુ હૈ, ક્યોંકિ દુ:ખોંકો ઉત્પન્ન કરતા હૈ, જો ઇસ શરીરકા ઘાત કરે, ઉસકો તુમ પરમમિત્ર જાનો. ૬૧૬.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨, શ્લોક–૧૮૨)*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૮
[૬૭૬]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
FEB.
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ઉપયોગની અટપટી વાતો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૯૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ છે. બીજા અધિકારની ચોત્રીસમી ગાથા છે.

હવે સામાન્ય ગ્રાહક નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનને કહે છે. વિષય જરા બદલ્યો છે. સમ્યગ્દર્શનની વાત ચાલે છે પણ તેમાં દર્શન ઉપયોગની વાત સાથે લીધી છે.

सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ ।
वत्थु-विसेस-विवज्जियउ तं णिय-दंसणु जोई ॥३४॥

અર્થ :—જીવોને જ્ઞાનની પહેલાં પદાર્થોનું સામાન્યરૂપે દેખવું થાય તે 'દર્શન' છે, તેને તું જાણ !—આમ યોગીન્દ્રદેવે કહ્યું.

ભાવાર્થ :—તો પ્રભાકરભટ્ટ પૂછે છે કે આપે જે કહ્યું કે 'નિજાત્માનું દેખવું તે દર્શન છે' આ તો આપે ઘણીવાર કહ્યું છે. પણ અહીં તો 'સામાન્ય અવલોકન'ને દર્શન કહ્યું તો આવું 'દર્શન' તો મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે તો તેનો પણ મોક્ષ થવો જોઈએ.

પોતાના આત્માના શુદ્ધસ્વરૂપને અંતરમાં દેખવું તેને સમ્યગ્દર્શન કહેવાય છે એ વાત તો ચાલી જ આવે છે તેમાં આ બીજું 'દર્શન' ક્યાંથી આવ્યું ! નિજાત્માને દેખવારૂપ દર્શનની સાથે આ સામાન્ય અવલોકનરૂપ દર્શનની વાત ક્યાંથી આવી ? એમ શિષ્યને પ્રશ્ન ઊઠે છે. (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન (૪) કેવળદર્શન. આંખોથી જે દેખવું થાય છે તે 'ચક્ષુદર્શન' છે અને આંખ સિવાય બીજી

ઈન્દ્રિયો અને મનથી થાય તે 'અચક્ષુ દર્શન' છે. અવધિજ્ઞાનની પહેલાં થતું દર્શન અવધિદર્શન છે અને કેવળજ્ઞાનની સાથે થાય છે તે કેવળદર્શન છે. આ ચારમાંથી છદ્મસ્થ અવસ્થામાં કેવળદર્શન તો નથી. બાકી ત્રણ દર્શનમાંથી આત્માનું અવલોકન છદ્મસ્થ અવસ્થામાં મનથી થાય છે અને તે આત્મદર્શન મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિયોના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયથી થાય છે. માટે, સમ્યગ્દષ્ટિને તો આત્માનું અચક્ષુદર્શન તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત હોવાથી મોક્ષનું કારણ છે. આમ, અહીં સમ્યગ્દષ્ટિના અચક્ષુદર્શનને મોક્ષમાર્ગમાં લીધું છે.

સમ્યગ્દષ્ટિને તો શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે અને મિથ્યાદષ્ટિને તો તત્ત્વશ્રદ્ધાન નહિ હોવાથી આત્માનું દર્શન થતું જ નથી. તેથી મિથ્યાદષ્ટિને તો માત્ર સ્થૂળરૂપે પરદ્રવ્યનું દેખવું, જાણવું, મન અને ઈન્દ્રિયો દ્વારા થાય છે તેને કાંઈ સમ્યગ્દર્શન નથી તેથી તેને મોક્ષનું કારણ પણ નથી. સમ્યગ્દષ્ટિને જ આત્માના અવલોકનરૂપ અચક્ષુદર્શન હોઈ શકે છે, મિથ્યાદષ્ટિને હોતું નથી. સમ્યગ્દષ્ટિને અચક્ષુદર્શનના કાળમાં આત્મા ઉપાદેય છે એવું ભાન હોવાથી તેનું દર્શન મોક્ષનું કારણ થાય છે. મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન જ નથી, આત્માની ઉપાદેયતાનું ભાન નથી તેથી તેના દર્શને મોક્ષનું કારણ કહી શકાતું નથી.

મિથ્યાદષ્ટિને તો સ્થૂળરૂપે ઈન્દ્રિયો દ્વારા પરનું દેખવું અને જાણવું થાય છે. સ્વદ્રવ્યનું દેખવું કે જાણવું થતું નથી. તેથી મિથ્યાદષ્ટિના અચક્ષુદર્શનની વાત નથી. અહીં તો જેને તત્ત્વાર્થશ્રદ્ધાન છે એવા સમ્યગ્દષ્ટિના અચક્ષુદર્શનમાં મન વડે આત્માનું દર્શન થતું હોવાથી અને સાથે તત્ત્વાર્થશ્રદ્ધાન અને આત્મજ્ઞાન હોવાથી તેને મોક્ષનું કારણ કહીએ છીએ.

સમ્યગ્દર્શન સહિત મનથી જેને આત્માનું અવલોકન થાય છે તેને જ અહીં ગણવામાં આવ્યું છે. મિથ્યાદષ્ટિને પાંચ ઈન્દ્રિય અને મનથી જ્ઞાનની પહેલાં જે અવલોકન થાય તે પરપદાર્થોનું જ થાય છે અને તે તો અભવિને પણ થાય છે—એવા દર્શન-ઉપયોગની અહીં વાત કરી નથી. અહીં તો તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત જે અચક્ષુદર્શન મન વડે આત્માને સામાન્યપણે જુએ છે તેની વાત કરી છે.

કહો સમજાય છે ! પરિચય નહિ, અભ્યાસ નહિ એટલે ઝીણું પડે. કમાવાનો અભ્યાસ ઘણો એટલે તેમાં બધું સહેલું પડે !

સારાંશ એ છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનના અભાવથી સમ્યક્ત્વનો અભાવ છે અને સમ્યક્ત્વના અભાવથી મોક્ષનો અભાવ છે. મિથ્યાદષ્ટિ સામાન્યપણે ચક્ષુ, અચક્ષુદર્શનથી

પદાર્થને દેખે તે કાંઈ મોક્ષનું કારણ નથી. તત્ત્વોના શ્રદ્ધાન સહિત મનથી આત્માનું અવલોકન કરે તેને મોક્ષના કારણમાં ગણવામાં આવ્યું છે. તેનો અર્થ જ એ કે તત્ત્વશ્રદ્ધાન જ ખરેખર મોક્ષનું કારણ છે. મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થનું શ્રદ્ધાન નહિ હોવાથી આત્માનું અવલોકન પણ નથી. મિથ્યાદષ્ટિને અચક્ષુદર્શન તો છે પણ તે વડે પરદ્રવ્યનું જ અવલોકન કરે છે, પરદ્રવ્યને જાણે છે તે પહેલાં તેનું અવલોકન થાય છે. તેનું નામ દર્શન છે.

અહીં તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનની વાત ચાલે છે તેમાં સાથે દર્શન ઉપયોગની વાત લઈને ગાથામાં ચોથા પદમાં તેને निज-दर्शन કહી દીધું છે. તેથી મિથ્યાદષ્ટિના સામાન્ય અવલોકનની વાત નથી પણ સમ્યગ્દષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત મનથી જે સામાન્ય અવલોકન થાય છે તેમાં નિજદર્શન એટલે કે આત્મદર્શન થાય છે એમ તું જો. પાઠમાં જે કહેવાં માંગે છે તે જ ભાવ ટીકાકારે ખોલ્યો છે કે જ્ઞાનીને આત્માના જ્ઞાનની પહેલાં જે દર્શન એટલે કે સામાન્ય અવલોકન થાય છે તેને તું 'નિજદર્શન' દેખ ! એમ આચાર્યદેવ કહેવા માંગે છે. મિથ્યાદષ્ટિને પરનું જ્ઞાન થવા પહેલાં જે સામાન્ય અવલોકન થાય છે તે નિજદર્શન નથી પણ પરદર્શન છે. તેમાં આત્માનું દર્શન-અવલોકન થતું નથી.

૩૧ ગાથાથી અભેદરત્નત્રયની મુખ્યતાથી કથન ચાલે છે. અભેદરત્નત્રય એટલે આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં લીનતારૂપ નિશ્ચયમોક્ષમાર્ગ. તેમાં સામાન્ય અવલોકનરૂપ દર્શનની વાત વચ્ચે ક્યાંથી આવી ? અને તેને વળી 'નિજ-દર્શન' કેમ કહ્યું ? શું તે પણ મોક્ષનું કારણ છે ? આવો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો તેનો ગુરુએ ઉત્તર આપ્યો કે ભાઈ ! અહીં મિથ્યાદષ્ટિના ામાન્ય અવલોકનની વાત નથી. અહીં તો સમ્યગ્દષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત જે સામાન્ય અવલોકન થાય છે તેમાં આત્માનું અવલોકન થતું હોવાથી તેને મોક્ષનું કારણ કહ્યું છે. તેમાં ખરેખર મોક્ષનું કારણ તો તત્ત્વાર્થશ્રદ્ધાન જ છે.

ઘરમાં પકવાન બનાવ્યો ·હોય, બહુ મીઠો ન હોય તોપણ ઘરના પૂછે કે કેવો છે ? તો શેઠ એમ કહી દે કે બહુ સારો છે. તેમ અહીં આ અટપટી વાત બહુ સમજાણી ન હોય તોપણ 'હા' પાડતાં હોય તેથી વિશેષ સ્પષ્ટ કરીએ છીએ.

દરેક જીવને જ્ઞાન થવા પહેલાં સામાન્ય અવલોકન તો થાય જ છે. ભવિ-અભવિ મિથ્યાદષ્ટિને દરેકને એવું અવલોકન તો થાય છે તે કાંઈ મોક્ષનું કારણ નથી દા.ત. આ સીમંધર ભગવાન છે તેનું જ્ઞાન થતાં પહેલાં આત્મામાં એક દર્શનગુણની પર્યાય થાય છે. તેમાં માત્ર દેખવું થાય છે. આ ભગવાન છે એવો ભેદ પણ તેમાં પડતો નથી તે પરિણમનને દર્શન-ઉપયોગ કહે છે અને પછી આ ભગવાન છે એવું જ્ઞાન

થાય છે તે જ્ઞાન-ઉપયોગ છે. તો આવા દર્શન ઉપયોગને તો ભગવાને મોક્ષમાર્ગમાં ગણ્યો નથી અને તમે કેમ દર્શન ઉપયોગને મોક્ષમાર્ગમાં લીધો ? એવા શિષ્યના પ્રશ્નનું સમાધાન એ કર્યું કે, અહીં નિજાત્માના જ્ઞાન પહેલાંના સમ્યગ્દષ્ટિના દર્શન ઉપયોગનું કથન કર્યું છે. માટે પોતાની શ્રદ્ધા, જ્ઞાનને શુદ્ધ કરવાના કાળે મનથી થતાં અચક્ષુદર્શનને શ્રદ્ધા-જ્ઞાનનું સહકારીકારણ ગણીને મોક્ષનું કારણ કહ્યું છે. બાહ્યપદાર્થને જાણવા પહેલાં થતાં સામાન્ય ઉપયોગને મોક્ષમાર્ગ ગણ્યો નથી.

આ તો ભઈ ! જ્ઞાનની કળા છે તેને સમજવી જોઈએ. જ્ઞાનથી જ્ઞાન કરવું જોઈએ. ૩૪ ગાથા થઈ. હવે ૩૫મી ગાથામાં કેવળદર્શનનું કથન કરે છે.

दसणपुव्वु हवेइ कुड्ड जं जीवहँ विण्णाणु ।
वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु ॥३५॥

છદ્મસ્થને પહેલાં દર્શન ઉપયોગ થાય છે, પછી જ્ઞાન થાય છે પણ કેવળી ભગવાનને તો દર્શન અને જ્ઞાન બંને સાથે થાય છે-આગળ-પાછળ થતાં નથી.

જ્ઞાન વસ્તુની વિસ્તીર્ણતાને જાણવાવાળું છે. તે પહેલાં જે દેખવું થાય છે તેમાં કોઈ ભેદ ખ્યાલમાં આવતાં નથી. આ મંદિર છે, આ ભગવાન છે, આ સમવસરણ છે એવા ભેદ જ્ઞાનમાં જણાય છે, તે જ્ઞાનને હે જીવ ! તું સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત જાણ !

ભાવાર્થ :—જે સામાન્યને ગ્રહણ કરે, વિશેષ ન જાણે તે દર્શન છે તથા જે વસ્તુના વિશેષ વર્ણન-આકાર જાણે તે જ્ઞાન છે. આ દર્શન-જ્ઞાનનું વ્યાખ્યાન થયું....

જૈન સિદ્ધાંતપ્રવેશિકામાં આ વાત બહુ આવે છે પણ અભ્યાસ ન હોય તેને ખબર ન હોય. આ તો પાઠશાળામાં બાળકોને ભણાવવામાં આવે છે. કોઈ પણ પદાર્થના વિશેષ પડખાંને જાણ્યા પહેલાં મહાસત્તાનું દર્શન થાય છે એટલે કે 'છે' એવો જે ઉપયોગ તે દર્શન છે. પછી આ શું છે તે જ્ઞાન જાણે છે. સ્વ અને પરના પણ ભેદ પાડ્યા વિના માત્ર સામાન્ય ઉપયોગ થાય તે દર્શન છે. વસ્તુના વિશેષોને જાણે તે જ્ઞાન છે. રંગને, ગંધને, ગુણને, પર્યાયને....ભેદ પાડીને જાણવાનું કામ જ્ઞાનનું છે.

આચાર્યે આ દર્શન-ઉપયોગની વાત ગાથામાં લીધી એટલે ટીકાકાર ખુલાસો કરે છે કે, જોકે આ વ્યવહાર-સમ્યગ્જ્ઞાન શુદ્ધાત્માની ભાવનાના વ્યાખ્યાન સમયે પ્રશંસાયોગ્ય નથી તોપણ પ્રથમ અવસ્થામાં પ્રસંશા યોગ્ય છે એમ ભગવાને કહ્યું છે.

અત્યારે તો આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની અને આત્મ-

ભાવનાની વાત ચાલે છે ત્યારે દર્શન ઉપયોગ પહેલાં હોય અને જ્ઞાન-ઉપયોગ પછી હોય એવી વ્યવહાર-સમ્યગ્જ્ઞાનની વાત કરવી યોગ્ય નથી તોપણ દર્શન સામાન્ય છે અને જ્ઞાન વિશેષ છે એ જાણવું પ્રથમ દરજ્જામાં ઉપયોગી છે. કેમ કે ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળના ભેદથી દર્શન-ઉપયોગ ચાર પ્રકારનો હોય છે. તેમાંથી બીજો ભેદ જે અચક્ષુદર્શન છે તેમાં ભવ્યજીવોને દર્શનમોહ અને ચારિત્રમોહના ઉપશમ તથા ક્ષય થવાથી શુદ્ધાત્માની રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ થાય છે તે પહેલાં મનસંબંધી નિર્વિકલ્પદશા થાય છે તે સહકારીકારણ છે.

અહીં ગાથામાં 'અવલોકન'ની વાત કરી છે તેનું સાર્થકપણું બતાવે છે. રાગરહિત, શુભાશુભ વિકલ્પ રહિત આત્માની નિશ્ચય વીતરાગ દૃષ્ટિ અને રાગરહિત ચારિત્રદશાના કાળે મનથી અવલોકન કરતાં—અચક્ષુદર્શનને સહકારીકારણ ગણીને અહીં 'સામાન્ય અવલોકન' કહેવામાં આવ્યું છે.

વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી ચારિત્રના થવા કાળે દર્શન ઉપયોગમાંથી જે અચક્ષુદર્શનનો મનથી થતો ઉપયોગ છે તેને સહકારી કારણ ગણીને મોક્ષમાર્ગમાં સાથે ગણવામાં આવ્યો છે.

આગળની ગાથામાં અંદરનું અચક્ષુદર્શન લીધું હતું તેથી તેને નિજદર્શન કહ્યું હતું અને અહીં ફેરવીને વાત કરી છે. અહીં તેને સહકારીકારણ તરીકે લીધું છે. ૩૪મી ગાથામાં સામાન્ય અવલોકન અને વિશેષ અવલોકનનો ભેદ બતાવીને તે દર્શનને 'નિજદર્શન' કહ્યું હતું. તેથી ટીકાકારે આત્મશ્રદ્ધાનના કાળમાં થતાં અચક્ષુદર્શનના ઉપયોગને 'નિજદર્શન' કહીને મોક્ષમાર્ગમાં સાથે લીધું હતું પણ અહીં ૩૫મી ગાથામાં તો દર્શન અને જ્ઞાન ઉપયોગનું સ્વરૂપ બતાવ્યું છે. 'નિજદર્શન' લીધું નથી. ફક્ત ભેદ પાડ્યા વગર સામાન્યપણે વસ્તુને દેખે તે દર્શન-ઉપયોગ છે અને તે જ વસ્તુને ભેદ પાડીને જાણે કે આ જડ છે, આ ચૈતન્ય છે, આ સફેદ છે, આ કાળા છે, એમ અનેક પ્રકારે વસ્તુને ભેદ પાડીને જાણે તે જ્ઞાન ઉપયોગનું કાર્ય છે.

આમ, આ ગાથામાં પણ મોક્ષમાર્ગની વાત નથી, આત્મદર્શનનું કથન નથી તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના કથનમાં આ વ્યવહાર-સમ્યગ્જ્ઞાનની વાત પ્રસંશનીય નથી તોપણ પ્રવચન-ભૂમિકામાં આ વાત પણ જાણવાયોગ્ય છે. માટે એ દૃષ્ટિએ પ્રસંશવાયોગ્ય છે એમ ભગવાને કહ્યું છે અને બીજી રીતે, આત્માના અંતર દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે ચાર પ્રકારના દર્શન ઉપયોગમાંથી એક અચક્ષુદર્શન નામનો ઉપયોગ સાથે કામ કરી રહ્યો છે. માટે તેને 'સહકારીકારણ' ગણીને મોક્ષમાર્ગના

કથનમાં સાથે લીધો છે. પહેલી ગાથામાં દર્શન-ઉપયોગને 'નિજદર્શન' કહ્યો હતો અને આ ગાથામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે નિજદર્શન છે અને તેની સાથે દર્શન ઉપયોગ કામ કરે છે તેને સહકારીકારણ તરીકે ગણ્યો છે.

શુદ્ધાત્માનુભૂતિની રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ અને શુદ્ધાત્મ-અનુભૂતિમાં સ્થિરતારૂપ વીતરાગચારિત્રના કાળે દર્શન અને જ્ઞાન બે ઉપયોગમાંથી કોઈ ઉપયોગ તો હોય ને !-ઉપયોગ ન હોય એમ તો ન બને. સામાન્ય અવલોકનરૂપ દર્શન ઉપયોગ છે તે, તેમાં સહકારી છે. નિજ આત્માના શ્રદ્ધા અને ચારિત્રના કાળે પરના વિશેષોનું જ્ઞાન તો નથી પણ દર્શન ઉપયોગ છે—સામાન્ય અવલોકન થઈ રહ્યું છે. માટે તેને મોક્ષમાર્ગમાં સહકારીકારણ ગણ્યું છે. સ્વનું જ્ઞાન છે, સ્વની શ્રદ્ધા છે અને સ્વમાં સ્થિરતા છે એ જ વખતે આવું અચક્ષુદર્શન પણ છે માટે, તે પણ મોક્ષમાર્ગમાં સહકારી કારણ છે. એમ કહીને દર્શન-ઉપયોગની વાત આચાર્યદેવે કરી છે તેનું સફળપણું ટીકાકારે બતાવ્યું છે.

અભેદરત્નત્રયના કાળમાં છદ્મસ્થને દર્શન-ઉપયોગમાંથી અચક્ષુદર્શન છે. તે રત્નત્રયનું સહકારીકારણ છે. કેવળીને તો દર્શન-ઉપયોગ અને જ્ઞાન-ઉપયોગ બંને સાથે હોય છે તેની વાત અહીં નથી. આ તો જ્ઞાનની લીલા છે, અભ્યાસ ન હોય તેને કઠણ લાગે તેથી કાંઈ એ વાત છોડી દેવાય !

વ્યવહારસમ્યગ્દર્શન અને વ્યવહારસમ્યગ્જ્ઞાન પણ ભવ્યજીવને જ હોય છે. અભવ્યજીવને નિશ્ચયદર્શન-જ્ઞાન નથી તેમ વ્યવહારદર્શન-જ્ઞાન પણ નથી. કેમ કે અભવ્યજીવ મુક્તિને પાત્ર નથી. જે મુક્તિના પાત્ર છે એવા જીવને જ નિશ્ચયની સાથે વ્યવહાર-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. જેને નિશ્ચય આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર નથી તેને વ્યવહારરત્નત્રય હોતા જ નથી. તેથી અભવિ જીવને અચક્ષુદર્શન તો હોય છે પણ તેને મોક્ષમાર્ગનું સહકારીકારણ નથી. જેને નિશ્ચય-વ્યવહારરત્નત્રય પ્રગટ થયા છે એવા ભવ્યજીવોના અચક્ષુદર્શનને જ મોક્ષમાર્ગમાં સહકારીકારણ કહ્યો છે.

જુઓ ! અહીં સત્તા-અવલોકનરૂપ દર્શન-ઉપયોગની વાત કરી અને તેમાં અચક્ષુ-દર્શનની વાત લઈને તેને સહકારીકારણ કહ્યું, પણ કોને ?—કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોય તેને એ સહકારીકારણ છે. તેમ વ્યવહારરત્નત્રય પણ સહકારી છે, પણ કોને ?—કે જેને આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મચારિત્ર હોય તેને વ્યવહાર-રત્નત્રય સહકારી તરીકે હોય છે. પણ, એ નથી તેને વ્યવહારરત્નત્રય સહકારી નથી.

આમ, અભવિને નિશ્ચય અને વ્યવહાર બંને રત્નત્રય નહીં હોવાથી તેનું અચક્ષુદર્શન માત્ર પરસંબંધી જ છે, નિશ્ચય-વ્યવહારનું સહકારી નથી.

ટીકાકારે પાઠને મેળવીને બધી ટીકાની રચના કરી છે.

સાત તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને મહાવ્રતાદિ ચારિત્ર એ વ્યવહારરત્નત્રય છે તે, જેને નિશ્ચયરત્નત્રય હોય તેને સહકારી થાય છે. પણ જેને નિશ્ચયરત્નત્રય જ નથી તેને વ્યવહારરત્નત્રય સહકારી નથી. ખરેખર તો નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી, વ્યવહારાભાસ હોય છે.

ધંધામાં આવી અટપટી વાત તો આવતી હોય પણ ત્યાં રસ હોય એટલે અટપટું ન લાગે. અહીં રસ ન હોય એટલે અટપટુ લાગે.

વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે. અને નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષનું કારણ છે. બંને સાથે સાથે હોય છે. વ્યવહાર પહેલાં અને નિશ્ચય પછી થાય—એમ હોતું નથી. વ્યવહારને સહકારી કહ્યો છે તો નિશ્ચય હોય તો તેને એ સહકારી થાય ને ! નિશ્ચય વગર કોનો સહકારી? વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે એટલે કે સાધકદશામાં જે વ્યવહારરત્નત્રયના વિકલ્પો છે તે છોડીને સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે મુક્તિ થશે. નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મુક્તિનું કારણ છે તે ગાથાનું તાત્પર્ય છે.

શ્રોતા :—આજ તો દર્શન ઉપયોગની જ વાત ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, ૩૪મી ગાથામાં દર્શન-ઉપયોગને 'નિજદર્શન' કહ્યું અને અહીં તેને મોક્ષમાર્ગના સહકારી કારણ તરીકે દર્શાવ્યો. દર્શન ઉપયોગ, જ્ઞાન ઉપયોગ, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર.... એ બધાંના કાર્ય, તેનાં કારણ, તેની સ્થિતિ, તેની સંપદા એ બધું બરાબર જાણવું જોઈએ; કાંઈ ઉપર ટપકે જાણી લેવાથી માલ મળી જાય તેમ નથી.

આખું ચિદાનંદતત્ત્વ અંતરમાં પડ્યું છે તેની શક્તિઓનું, તેના કાર્યોનું, તેના ઉપયોગનું અનેક પ્રકારે વર્ણન છે તે જાણવું જોઈએ. દરેકનું સંશય, વિમોહ અને વિભ્રમરહિત જ્ઞાન કરવું તે જ્ઞાન છે.

આગળ, પરમ ધ્યાનમાં આરૂઢ જ્ઞાની જીવ સમભાવથી સુખ-દુઃખ સહતાં થકા અભેદનયથી નિર્જરાનું કારણ થાય છે તે બતાવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયેલો જીવ સમભાવથી સુખ-દુઃખને સહન કરે છે. વીતરાગભાવે વર્તે છે જેથી તેને ચારિત્રની નિર્મળદશા હોય છે એ જ તેને નિર્જરાનું કારણ છે. અભેદથી શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ સમતામય પરિણામી જીવ જ નિર્જરાનું કારણ છે. પૂર્વના બંધાયેલા કર્મો તેને ખરી જાય છે એ વાત આગળ કહેશે.

(ક્રમશઃ)

# નિજપદનું ભાન થતાં અન્ય પદો આપત્તિરૂપ ભાસે છે.

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૭૪)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે ધર્મ. આ અધિકારમાં ધર્મને ધારણ કરવાની શિખામણ આપી છે.

૭મા કળશનું ૧૭મુ પદ્ય છે, તેમાં આત્મ-અનુભવ ગ્રહણ કરવાનું કહેવાય છે.

जो पद भौपद भय हरै, सो पद सेऊ अनूप ।
जिहि पद परसत और पद, लगै आपदारूप ॥१७॥

અર્થ :—જે જન્મ-મરણનો ભય દૂર કરે છે, ઉપમા રહિત છે, જેનું ગ્રહણ કરવાથી બીજાં બધા પદ વિપત્તિરૂપ ભાસવાં લાગે છે તે આત્મ-અનુભવરૂપ પદને અંગીકાર કરો.

જેને જન્મ-મરણ દૂર કરવા છે અને શુદ્ધ ચૈતન્ય પદ પ્રાપ્ત કરવું છે તેણે આત્મ-અનુભવરૂપ પદ અંગીકાર કરવું. આત્માનો અનુભવ એવો શાંત સ્વરૂપ છે કે તેનો અનુભવ કરનારને ઈન્દ્ર, નરેન્દ્ર કે ધરણેન્દ્રના પદ તો વિપત્તિરૂપ લાગે છે, દુઃખના સ્થાન લાગે છે, આપદા આવી પડી હોય એવા લાગે છે.

આત્માનો અંનુભવ કરવાથી અશુદ્ધતા ટળે છે. વ્રત, તપ, ઉપવાસ કરવાથી અશુદ્ધતા ટળતી નથી અને શાંતિ થતી નથી. સ્વસંપત્તિ પાસે શુભાશુભ ભાવ અને તેના ફળ આપત્તિરૂપ છે. ત્રણલોકના ઈન્દ્રની સંપદા પણ અનુભવ પાસે આપદા જેવી લાગે છે. તો બે પાંચ લાખ રૂપિયા થાય અને મકાન રીપેરીંગ થઈને નવું થઈ જાય તેમાં અનુભવીને સુખ ક્યાંથી લાગે !

ધર્મી તેને કહીએ કે જે અનંત ધર્મના ધારક એવા નિજધર્મી આત્માનો અનુભવ કરે તે ધર્મી છે. જેને ધર્મી થવું છે તે ઉપમા રહિત એવા નિજપદની સેવી કરો કે જે પદ ભવભયને હરે છે અને એવું મહાન અતીન્દ્રિય પદ છે કે તેનો અનુભવ કરનારને બીજા બધાં પદ આપદારૂપ ભાસવા લાગે છે એવી એ અતીન્દ્રિય આનંદની ખાણ છે કે તેની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરતાં બીજા લૌકિક પદ તુચ્છ લાગે છે.

અજ્ઞાની પૈસામાં, આબરૂમાં, શરીર અને સંયોગોની અનુકૂળતામાં સુખ માને

છે તે ખરેખર દુઃખ છે. માટે, પરપદમાં સુખ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે અને સ્વપદમાં જ સુખ માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. તેને સંસારના મોટાં મોટાં પદ પણ આપદારૂપ ભાસે છે.

આવા નિજપદના અનુભવનું નામ જ નિર્જરારૂપ ધર્મ છે. ઉપવાસ કે અઠમ આદિ કરવાથી નિર્જરારૂપ ધર્મ થતો નથી.

હવે, ૧૮મા પદ્યમાં કહે છે કે સંસાર સર્વથા અસત્ય છે.

जब जीव सोवै तब समुझै सुपन सत्य,
वहि झूठ लागै तब जागै नींद खोईकै ।
जागै कहै यह मेरो तन मेरी सौंज,
ताहू झूठ मानत मरन थिति जोइकै ॥
जानै निज मरम मरन तब सुझै झूठ,
बूझै जब और अवतार रूप होइकै ।
वाहू अवतारकी दसामैं फिरि यहै पेच,
याही भांति झूठौ जग देख्यो हम टोइके ॥ १८ ॥

ધર્મીને આખું જગત જૂઠું ભાસે છે.

અર્થ :—જ્યારે જીવ સૂવે છે ત્યારે સ્વપ્નને સત્ય માને છે, જ્યારે જાગે છે ત્યારે તે જૂઠું જણાય છે. શરીર કે ધન-સામગ્રીને પોતાની ગણે છે, પછી મૃત્યુનો ખ્યાલ કર છે ત્યારે પણ જૂઠી માને છે, જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે મૃત્યુ પણ અસત્ય જણાય છે અને બીજો જન્મ સત્ય લાગે છે. જ્યારે બીજા જન્મનો વિચાર કરે છે ત્યારે ફરી આ જ ચક્રાવામાં પડી જાય છે—આ રીતે શોધીને જોયું તો આ જન્મ-મરણરૂપ આખો સંસાર જૂઠો જ જૂઠો જણાય છે.

જ્યારે પોતે નિદ્રામાં હોય ત્યારે જે સ્વપ્ન આવે તે સાચું લાગે છે. સુખડી ખાઉં છું, ભૂખ લાગી છે, આમ કરું છું, તેમ કરું છું–એ બધું સાચું લાગે છે પણ જ્યાં ઊંઘ ઉડે છે ત્યાં તો કાંઈ નથી ઊંઘમાં જે સાચું લાગે છે તે જ સ્વપ્ન જાગૃત થતાં જૂઠું જણાય છે–આ તો બધું ખોટુ હતું. જાગે ત્યાં શરીર મારું, પુત્ર મારાં, ઘર મારું, ધન મારું.....આમ બધી સામગ્રીમાં હુંપણું માનવા લાગે છે. સ્વપ્નમાં જે સાચું લાગતું હતું તે ખરેખર જૂઠું હતું તેમ જાગૃતિમાં સંસાર મારો લાગે છે તે ખરેખર જૂઠું છે, કોઈ સંયોગ એના નથી. જ્યાં સુધી સંયોગોની વચ્ચે ઊભો છે ત્યાં સુધી તેનાં જુદાપણાનો અજ્ઞાનીને ખ્યાલ આવતો નથી. જ્યાં મરણની તૈયારી થઈ જાય છે, સ્ત્રી, પુત્ર, ધનાદિ,

કોઈ શરણ થતું નથી ત્યારે એમ થાય છે કે આ બધું જૂઠું છે. હું તો ચાલ્યો....આ કોઈ સંયોગો મારી સાથે નહિ આવે. આમાંથી નીકળીને મારે એકલાં જવું પડશે.

આમ, વિચાર કરતાં કરતાં જ્યાં પોતાના સ્વરૂપનો વિચાર કરે કે હું આત્મા તો શાશ્વત છું, મારે મરણ કેવું ! હું મરતો નથી, હું તો કાયમ રહેનારો છું એમ જ્યાં સ્વરૂપનો સ્વીકાર કરે છે ત્યાં મૃત્યુ અસત્ય લાગે છે અને હું તો બીજા જન્મને ધરણ કરીશ એમ માને છે પણ બીજા અવતારનો વિચાર કરતાં ફરી એમાં મારાપણું માનીને એના એ જ ચક્રવામાં પડી જાય છે.

એક રાજાનું દ્રષ્ટાંત આવે છે કે રાજાને કોઈએ કહ્યું કે તું મરીને કૂતરીના પેટે ગલુડિયું થવાનો છો. તારા માથે ચાંડલો હશે..... રાજા કહે અરે ! હું એમાં રહું ! ! મને તરત મારી નાંખજો એટલે મારે એવામાં રહેવું ન પડે. રાજા મરી ગયો અને કૂતરીનું બચ્ચું થયો તેને જ્યાં મારવા ગયા ત્યાં તો ભાગી ગયું. કેમ કે ત્યાં પણ તેને હુંપણું થઈ ગયું છે. જ્યાં જ્યાં અવતરે ત્યાં જીવ અહમ્ અને મમત્વ કરી લે છે પણ હું અનાદિ અનંત એક જીવ છું એનું એને ભાન નથી.

આ નિર્જરા અધિકારમાં આ વાત કેમ લખી ?–કે આત્માની નિત્યતાના અનુભવ સિવાય બીજું બધું જૂઠું ભાસે છે. અખંડ અનાદિ અનંત આત્માની ખોજ થતાં સંકલ્પથી માંડીને આખી દુનિયા જૂઠી ભાસવા લાગે છે.

હવે, ૮મા શ્લોક ઉપર ૧૯મા પદ્યમાં સમ્યગ્જ્ઞાનીનું આચરણ બતાવે છે.

ધર્મી—સમ્યગ્જ્ઞાની ભલે ગૃહસ્થાશ્રમમાં હો, શ્રાવક થયા પહેલાંનો સમ્યગ્દૃષ્ટિ હો તોપણ ધર્મીને કેવા ભાવ હોય છે તે અહીં બતાવે છે.

એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી ધર્મ અર્થાત્ નિર્જરા થતી નથી. માટે જીવની નિત્યતાનો અનુભવ કર્તવ્ય છે.

આ રીતે સત્યને ખોજતાં આખું જગત જૂઠું ભાસે છે.

पंडित विवेक लहि एकताकी टेक गहि,
दुंदज अवस्थाकी अनेकता हरतु है ।
मति श्रुति अवधि इत्यादि विकल्प मेटि,
निरविकलप ग्यान मनमैं धरतु है ॥
इंद्रियजनित सुख दुःखसो विमुख ह्वैकै,
परमके रूप ह्वै करम निर्जरतु है ।

सहज समाधि साधि त्यागी परकी उपाधि,
आतम आराधी परमातम करतु है ॥१६॥

જુઓ ! આવા પંડિત એટલે સમ્યગ્દષ્ટિ જીવને નિર્જરા થાય છે. ઘણાં શાસ્ત્રો ભણ્યો હોય તે પંડિત નથી. રાગના વિકલ્પો અને મતિજ્ઞાનાદિ ભેદોથી જેણે જુદો જાણ્યો છે તે પંડિત છે, તે ભેદજ્ઞાની છે, તે વિવેકી છે.

અર્થ :—સમ્યગ્દષ્ટિ જીવ ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને એક આત્માનું જ ગ્રહણ કરે છે, દેહાદિથી મમત્વના અનેક વિકલ્પો છોડી દે છે. મતિ, શ્રુત, અવધિ ઈત્યાદિ ક્ષાયોપશમિક ભાવ છોડીને નિર્વિકલ્પ કેવળજ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે છે, ઈન્દ્રિયજનિત સુખ-દુઃખમાંથી રુચિ ખસેડીને શુદ્ધ આત્મ-અનુભવ કરીને કર્મોની નિર્જરા કરે છે અને રાગ-દ્વેષ-મોહનો ત્યાગ કરીને ઉજ્જ્વલ ધ્યાનમાં લીન થઈને આત્માની આરાધના કરીને પરમાત્મા થાય છે.

पंडित विवेक लहि—શરીરાદિથી હું ભિન્ન છું, રાગના વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી અને જ્ઞાનના ભેદો પડે છે એટલો પણ હું નથી, હું તો અભેદ ચૈતન્ય છું—એમ ભેદજ્ઞાન કરીને ધર્મી એક આત્માને જ ગ્રહણ કરે છે, કારણ કે ધર્મીનું ધ્યેય એક આત્મા છે. एकताकी टेक गही—હું તો અખંડ અભેદ એક આત્મા છું. શરીર, વાણી, મન અને વિકલ્પ તો હું નહીં પણ જ્ઞાનની પર્યાયમાં અનેકતાના ભેદો પડે છે તે પણ હું નથી. હું અભેદ એક છું એમ અનુભવ કરતાં જ્ઞાની અનેક પ્રકારના વિકલ્પોને છોડી દે છે. હું એક અને રાગાદિ મારી ચીજ છે એવો દ્વંદભાવ જ્ઞાનીને રહ્યો નથી ત્યાં મકાન, દુકાન, પૈસા આદિ બીજી ચીજ તો બહુ દૂર રહી ગઈ. એ તો બધી જડ ચીજ છે તે જડ થઈને જ રહી છે તે તો જીવ નથી જ પણ વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી.

मति, श्रुति, अवधि इत्यादि विकलप मेटि, ધર્મી નિમિત્તનો સંબંધ તો છોડે છે, રાગનો વિકલ્પ પણ મટાડે છે અને મતિ, શ્રુત આદિ જ્ઞાનની પર્યાયના ભેદો પણ મટાડી દઈ નિર્વિકલ્પજ્ઞાનને મનમાં ધરે છે એટલે કે અનુભવે છે તેનું નામ ધર્મ છે. મંદિરમાં બેસીને ઉપવાસ કરવામાં ધર્મ નથી. ધર્મ મંદિરમાં, ઉપાશ્રયમાં કે સ્વાધ્યાયમંદિરમાં નથી. નિજવસ્તુને એકરૂપ ગ્રહણ કરીને અનુભવ કરવો તે ધર્મ છે.

.....इह विध बोध वचनिता फैली, समयसार अध्यात्म शैली,
प्रगटी जगमांहि जिनवानी, घर घर नाटक कथा बखानी ।

આમ, બનારસીદાસજીએ કળશટીકાની મહિમા કરી છે કે આ 'સમયસાર'

નાટકની ચાલતી ભાષામાં વચનિકા કરવાથી ઘરે ઘરે સમયસારની કથા થવા લાગી —ચર્ચા થવા લાગી. 'આત્મા સત્ ચિદાનંદ છે તેના આશ્રયથી શુદ્ધિ પ્રગટ થાય, ભેદ કે રાગના આશ્રયે શુદ્ધિ પ્રગટ ન થાય'—આવી ચર્ચા આ કાળે પણ આવા શસ્ત્રોને કારણે ઘરે ઘરે થવા લાગી. આ તો ત્રણસો વર્ષ પહેલાં બનારસીદાસજી આમ લખે છે એટલે એ વખતે પણ ઘરે ઘરે આવી ચર્ચા ચાલતી હશે.

અહા ! આત્મા રાગ વિનાની ચીજ છે એટલું જ નહિ ભેદને મુખ્ય કરવાથી પણ આત્મા જણાય તેવો નથી. અભેદ આત્માને પોતાની જ્ઞાનની પર્યાયમાં ધારે છે, અનુભવે છે તેને જ નિર્જરા થાય છે. બાકી કોઈ ઉપાયથી કોઈને ધર્મ કે નિર્જરા થતી નથી.

इंद्रियजनित सुख दुःखसौं विमुख ह्वैकै।—ઈન્દ્રિયના નિમિત્તથી પહેલાં કલ્પના કરતો હતો કે આ મને ઠીક છે અને આ અઠીક છે તેનાથી વિમુખ બનીને સ્વની સન્મુખ થઈને સમકિતી પરમરૂપ બનીને કર્મોની નિર્જરા કરે છે. બાહ્યમાં ચક્રવર્તીરાજ હોય કે ઈન્દ્રના ઈન્દ્રાસન હોય તેમાં સમકિતીને સુખની કલ્પના થતી નથી અને નરક જેવા પ્રતિકૂળ સંયોગોમાં દુઃખની કલ્પના થતી નથી. સુખ-દુઃખ બંને કલ્પનાથી તેની રુચિ હટી ગઈ છે.

સામાન્ય માણસને આજે પાંચ-દસ હજારનો વકરો થયો હોય તો સુખની કલ્પના થાય—એ તેની મૂઢતા છે. ધર્મીને નિજાનંદની પાસે બાહ્ય અનુકૂળતામાં સુખની કે પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના જ થતી નથી.

परमके रूप ह्वै—પોતાનું પરમ જ્ઞાનાનંદસ્વરૂપ છે તે રૂપે પરિણતિ કરીને ધર્મી કર્મોની નિર્જરા કરે છે. પુણ્ય-પાપના વિકલ્પથી એટલે આધિથી રહિત સહજ સમાધિ એટલે શાંતિને સાધીને ધર્મી નિર્વિકલ્પ શાંતિને પીએ છે. વિકલ્પની જાળ જે ઉપાધિરૂપ છે તેને છોડી ધર્મી સ્વરૂપના સાધન વડે પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પ શાંતિને આસ્વાદે છે. શુદ્ધાત્માને સાધી, તેને આરાધી, તેમાં લીનતા કરી—એકાગ્રતા કરી પોતાના આત્માને પરમાત્મા બનાવી દે છે.

આ રીતે આત્માની આરાધનાથી પરમાત્મા થવાય છે. વ્યવહાર કે નિમિત્તની આરાધનાથી પરમાત્મા થવાતું નથી. શબ્દ કેવો વાપર્યો છે ! 'आतम आराधि' ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેનું આરાધન એટલે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા વડે આત્માની સેવના કરતાં આત્મા પરમાત્મા થઈ જાય છે.

ધંધા કરવા માટે બહાર ગામ જાય, પૈસા જેમ જેમ વધારે આવતાં જાય તેમ પોતે વધારે ખુશી થાય જાણે હું વધ્યો. પૈસાના દરોડા પડે ત્યં આહાહા......થઈ જાય પણ ભાઈ ! એમાં ધૂળેય સુખ નથી, પાપ છે, પાપમાં લપેટાઈ જાય છે અને કલ્પનાથી પોતાને સુખી માને છે.

અહીં તો આત્મામાંથી પરમાત્મા થવાની વાત છે. પોતાના સ્વરૂપને ધ્યેય બનાવી, તેનું ધ્યાન કરવાથી કર્મો નિર્જરીને આત્મા પરમાત્મા થઈ જાય છે.

હવે, ૨૦મા પદ્યમાં સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા આપે છે.

ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો છે—ચૈતન્ય રત્નાકર છે. તેમાં એટલાં રત્નો ભર્યાં છે કે જો અંતરદૃષ્ટિ કરીને અનુભવ કરે તો બધાં રત્નો એકસાથે અનુભવમાં આવે. ચૈતન્ય રત્નાકરમાં શુભાશુભવિકલ્પો ભર્યા નથી માટે ચૈતન્યને અનુભવતાં વિકલ્પોનો અનુભવ થતો નથી. મધ્યલોકમાં છેલ્લો મોટો સ્વયંભૂરમણ સમુદ્ર છે તેવો આ ભગવાન આત્મા સ્વયંભૂ ચૈતન્યરત્નાકર છે. જેમ તે સમુદ્રમાં નીચે રેતી નથી, રત્નો જ છે તેમ, આત્મામાં વિકલ્પો નથી, ગુણરત્નો જ ભર્યાં છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં મનુષ્યો નથી. મનુષ્ય હોય તો તો રત્ન લઈ આવે. દેવ ત્યાં જાય છે પણ તેને રત્નની જરૂર નથી, તિર્યંચને રત્નો કામના નથી.

આત્મા અદ્ભુતનિધિ ચૈતન્યરત્નાકર છે. એક વિકલ્પની પાછળ અને એક સમયની પર્યાયની પાછળ એકલો ચૈતન્યરત્નાકર અનંત ગુણમણિરત્નોથી ડોલી રહ્યો છે. અરે ! આવો ચૈતન્યરત્નાકર હોવા છતાં બે બીડીમાં સંતોષાય છે ! ઘરે પુત્ર જન્મે ત્યાં હરખાય છે !....તારા ચૈતન્યરત્નાકરને તો જો ! તેને કેવી ઉપમા આપી છે !

સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા (સવૈયા એકત્રીસા)

जाके उर अंतर निरंतर अनंत दर्व,
भाव भासि रहै पै सुभाव न टरतु है ।
निर्मलसौ निर्नल सु जीवन प्रकट जाके,
घटमैं अघट-रस कौतुक करतु है ॥
जगै मति-श्रुत औधि मनपर्यै केवल सु,
पंचधा तरंगनि उमंगि उछरतु है ।
सो है ग्यान उदधि उदार, महिमा अपार,
निराधार एकमैं अनेकता धरतु है ॥२०॥

અહા ! તેની ઉદાર, અપાર મહિમાનું શું કહેવું ! તેના દ્રવ્ય, ગુણની તો વાત

જ શી ! તેની એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય એવું છે કે તેમાં લોકાલોક પ્રતિભાસે છે. આવું તો એકપર્યાયનું સામર્થ્ય છે. તેના દ્રવ્ય-ગુણના સામર્થ્યનું શું કહેવું ?

અર્થ :—જે જ્ઞાનરૂપ સમુદ્રમાં અનંતદ્રવ્ય પોતાના ગુણ-પર્યાયો સહિત હંમેશા ઝળકે છે, પણ તે એ દ્રવ્યોરૂપ થતો નથી અને પોતાના જ્ઞાયકસ્વભાવને છોડતો નથી. તે અત્યંત નિર્મળ જળરૂપ આત્મા પ્રત્યક્ષ છે જે પોતાના પૂર્ણરસમાં મોજ કરે છે. તથા જેમાં મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારની લહેરો ઊઠે છે, જે મહાન છે, જેનો મહિમા અપરમપાર છે, જે નિજાશ્રિત છે તે જ્ઞાન એક છે. તોપણ જ્ઞેયોને જાણવાની અનેકતા સહિત છે.

જ્ઞાયકભાવમાં નિરંતર અનંત દ્રવ્યો, ગુણો અને પર્યાયો ભાસે છે પણ તે કદી પોતાનો સ્વભાવ છોડતો નથી. ચૈતન્યરત્નાકરમાં અનંતદ્રવ્યો જણાવા છતાં પોતાના સ્વભાવની અસ્તિ છે તેની કદી નાસ્તિ થતી નથી.

જ્ઞાયકસ્વભાવની અંતરદૃષ્ટિ થાતાં તેમાંથી અત્યંત નિર્મળ દશાઓ ઊછળે છે તે આત્માનું સ્વરૂપ છે. જે શુભાશુભ વ્યવહાર ઊછળે છે તે આત્માનું સ્વરૂપ નથી. નિર્મળ ચૈતન્ય જેની દૃષ્ટિમાં બેઠો તેને સમયે સમયે નિર્મળતાની—શુદ્ધિની ધારા પ્રગટ થાય છે તેથી ક્ષણે ક્ષણે તેને કર્મોની નિર્જરા થાય છે.

ઘટ એવું જે આ શરીર તેમાં અઘટ નામ ઘટે નહિ એવો પૂર્ણ ચૈતન્યસ્વરૂપ આત્મા વસેલો છે. એ પૂર્ણ સ્વરૂપમાં આત્મા મોજ માણે એવું તેનું સ્વરૂપ છે. ધર્મની પ્રથમદશા-સમ્યગ્દર્શન તથા આત્મા પોતાના પૂર્ણસ્વરૂપમાં મોજ માણે છે. મારો સ્વભાવ આનંદમય છે એવું ભાન થતાં સુખસાહેબી અને શાંતિ પ્રગટ થાય છે.

કોઈને એમ લાગે કે ધર્મીને કેટલાં પરિષહ, ઉપસર્ગના દુ:ખ સહન કરવા પડે છે ! ના ભાઈ ! દુ:ખ સહન કરવું પડે એવું ધર્મીનું સ્વરૂપ જ નથી. એ તો કૌતુક નામ મજા કરે છે. ચૈતન્યની નિર્મળધારાને મજાથી અનુભવે છે. આનંદનો અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે.

જેમ દરિયામાં તરંગ ઊઠે છે તેમ, સમ્યગ્જ્ઞાનરૂપી સમુદ્રમાં મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય અને કેવળજ્ઞાનના તંરગ ઊઠે છે તેની ઉદાર મહિમા અપાર છે. વળી તેને કોઈ પરદ્રવ્યનો આધાર નથી–એવો એ નિરાધાર ચૈતન્યરત્નાકર છે. તે વસ્તુએ 'એક' હોવા છતાં પર્યાયદૃષ્ટિએ અનેકપણે પરિણમે છે. અનેક જ્ઞેયોને જાણતાં કોઈ જ્ઞેયરૂપે પરિણમતો નથી.

*(ક્રમશ:)*

*

# પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિપથપ્રદર્શક
## અધ્યાત્મ-તત્ત્વચર્ચા

❀ *શ્રોતા :—સાચી રુચિવાળા જીવની પરિણતિ કેવી હોય તે બતાવશોજી.*

પૂજ્ય બહેનશ્રી :—જે રુચિવાળો હોય તેને એમ થાય કે કરવા જેવું તો આ એક જ છે, શુદ્ધાત્મારૂપે પરિણતિ કરવી તે જ કરવાનું છે. પણ હજી મારાથી થયું નથી. આત્મા શુદ્ધ છે પણ પુરુષાર્થ કરીને શુદ્ધતાને હું પામ્યો નથી. તેનું હૃદય ભીંજાયેલું હોય છે. તે અશુભથી બચવા શુભમાં ઊભો રહે છે, પણ શુભમાં સર્વસ્વ માનતો નથી. જે સ્વચ્છંદી જીવો છે તે પોતાને પર્યાયથી શુદ્ધ માને છે ને આ બધું ઉદય આધીન થાય છે એમ કહે છે. પણ તે એક જાતનું શુષ્ક જ્ઞાન છે.

રુચિવાળા જીવને જ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી ભલે અંતરમાં પરિણતિરૂપે પ્રગટી નથી, છતાં ક્રિયામાં મોક્ષ માનતો નથી. અને આત્મા શુદ્ધ છે, પરંતુ હું તે રૂપે પરિણમ્યો નથી એમ માને છે. તેને શુભભાવ આવે છે, પરંતુ શુભમાં સર્વસ્વ માનતો નથી. અને શુદ્ધભાવ કેમ પ્રગટે તેની ભાવના રહે છે. આત્મા વસ્તુસ્વભાવે શુદ્ધ છે એવી રુચિ અને ભાવનાથી જે જિજ્ઞાસુ છે, મુમુક્ષુ છે, આત્માર્થી છે તેનું હૃદય ભીંજાયેલું રહેવું જોઈએ. જે શુષ્કજ્ઞાની છે તેનું હૃદય ભીંજાયેલું હોતું નથી અને બીજા (ક્રિયાજડ) ક્રિયાના પક્ષપાતી થઈ જાય છે.

રુચિવાળા જીવને ''કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ'' માત્ર મોક્ષની અભિલાષા રહે છે. આત્માર્થીને ન શોભે તેવા કષાયો તેને હોતા નથી.

''ભવે ખેદ અંતર દયા ત્યાં આત્માર્થ નિવાસ.'' આત્માર્થીનું હૃદય એવું હોય છે કે શુદ્ધાત્મા કેમ પ્રગટે ? જિજ્ઞાસા એવી હોય છે કે શુદ્ધાત્માની પરિણતિ કેમ પ્રગટ થાય ? તેવી ભાવનાથી તેનું હૃદય ભીંજાયેલું હોય છે. આવા જીવને જ્ઞાન અને ક્રિયાનયના પક્ષપાતી કહેવાતા નથી પણ તે મુમુક્ષુની ભૂમિકામાં છે. હું આગળ વધી શકતો નથી તેવી ખટકથી તેનું હૃદય ભીંજાયેલું રહે છે.

આત્માર્થી ભક્તિમાં જોડાય છે ને યથાશક્તિ વિરક્તિ પણ હોય છે. તે બહારમાં રચ્યો-પચ્યો રહેતો નથી. તેને અંદર કષાયની તીવ્રતા વધતી નથી, પણ મંદતા હોય છે. તેને આત્માર્થનું પ્રયોજન હોય છે, ને એવી અંદરની રુચિ હોય છે.

જેને શુદ્ધજ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી પ્રગટ થઈ છે તે જ્ઞાનીની વાત જુદી છે

અને જેને જ્ઞાનનય કે ક્રિયાનયનો પક્ષપાત વર્તે છે તે અજ્ઞાનીની વાત પણ જુદી છે. જ્યારે આ તો રુચિવાળો જીવ છે.

ચૈતન્યનું કાર્ય કરવું એ તારી ફરજ નથી? તારો કાળ નકામો ન ગુમાવીશ. આ મનુષ્યભવનો કાળ આત્માને માટે ગાળ. શરીર માટે અનંતકાળ કાઢ્યો, શરીરની સગવડતા માટે અનંતકાળ કાઢ્યો–ગુમાવ્યો છે. હવે એક ભવ તું આત્માને માટે કાઢ. આ ભવ એવો કાઢ–એવો વિતાવ કે બધા ભવનો અભાવ થઈ જાય. બધા અનંતભવ શરીર ખાતર, બહારની સગવડતા ખાતર ગાળ્યા; પણ તારા ભવભ્રમણનો છુટકારો થયો નથી. આત્માને માટે હવે એક ભવ તો એવો ગાળ કે જેથી તારા બધા ભવનો અભાવ થઈ જાય.

❀ *શ્રોતા :—હું જ્ઞાયક જ છું, એવી ભાવના વિકલ્પરૂપે ભલે સતત ન રહે; પણ તેની પ્રાપ્તિ નથી થતી તેની ખટક તો સતત રહ્યા કરવી જોઈએ ને?*

પૂજ્ય બહેનશ્રી :—જિજ્ઞાસુને વિકલ્પરૂપે ભાવના સતત નથી રહેતી; પણ તેને એની ખટક તો રહ્યા જ કરે છે. જે જે બધા પ્રસંગો બને, વિભાવની કોઈ પરિણતિ થાય ત્યારે તેને ખટક રહ્યા કરે કે આ મારું સ્વરૂપ નથી, હું તો આનાથી જુદો છું. જુદો થઈ શકતો નથી તેની ખટક રહ્યા કરે છે તો એકત્વબુદ્ધિનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું એમ પ્રજ્ઞાછીણીથી બે ભાગ નથી પડ્યા; પણ એકત્વનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું, જ્ઞાયક છું એવી ખટક તો જિજ્ઞાસુને દરેક ક્ષણે રહ્યા જ કરે છે.

❀ *શ્રોતા :—બેનશ્રી! જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? કૃપયા યહ વચનામૃતકા મર્મ સમજાઈયે.*

પૂજ્ય બહેનશ્રી :—જાગતા જીવ જાગૃત હી હૈ, ઈસકા નાશ નહીં હુવા હૈ, વો સો નહીં ગયા હૈ. જ્ઞાનસ્વભાવ જાગૃત હી હૈ, વહ કહાં જાય? વહ પરભાવમેં એકત્વ નહીં હોતા, મૂલ વસ્તુ સ્વભાવ કહીં જાતા હી નહીં. અનંતકાલ નિગોદમેં ગયા, એકેન્દ્રિય હો ગયા ઔર જ્ઞાન બહુત કમ હો ગયા, ફિર ભી વહ તો જૈસા કા વૈસા હી હૈ. જાગતા જીવ કહાં જાય? અનંતકાલ ભટકા ઔર જન્મ–મરણ કિયા, તો ભી ખુદ તો ઐસા હી રહતા હૈ. ચાહે જાગતા હો, સોતા હો, સ્વપ્નમેં હો, તો ભી વહ સત્ હૈ ઔર સત્‌કા નાશ નહીં હોતા. જો વિદ્યમાન હૈ, જાગૃત હૈ વહ કહાં જાય? જાગતા જીવ વિદ્યમાન હૈ, વિદ્યમાન વસ્તુ કહાં જાય? જાગતા જીવ સદાકે લિયે જાગતા હી હૈ, જાગૃત હૈ યાનિ કિ ચૈતન્ય સ્વરૂપ હૈ, ઔર વહ જાગૃત હૈ તો

કહાં જાય? વિભાવ હોનેસે ઉસકા નાશ નહીં હોતા. અનંતકાલસે શરીરકે સાથ એક ક્ષેત્રમેં રહા હૈ, ફિર ભી ઉસકા નાશ નહીં હોતા.

વિદ્યમાન સદા વિદ્યમાન હી હૈ; જાગૃત સદા જાગૃત હી હૈ, વહ દેવલોકમેં ગયા, નરકમેં ગયા; તો ભી આત્મા તો જૈસા હૈ વૈસા હી રહા હૈ, ઉસકા એક અંશ ભી નષ્ટ નહીં હુઆ હૈ. વહ ભરચક ભરા તત્ત્વ હૈ, ઈસકા કોઈ કર્તા નહીં હૈ, ઉસકી ઉત્પત્તિ ભી નહીં હૈ, ઔર ઉસકા નાશ કરે ઐસા કોઈ તત્ત્વ ભી નહીં હૈ, ઐસા સત્ તત્ત્વ હૈ તો સત્‌કા કૌન નાશ કર સકતા હૈ?

❀ *શ્રોતા :—જ્ઞાનીને મારે આત્મા જોઈએ છીએ એવો વિકલ્પ નથી?*

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીને કોઈ પણ જાતનો એકત્વબુદ્ધિનો વિકલ્પ રહેતો નથી. જ્યાં સુધી અસ્થિરતાના વિકલ્પમાં ઊભા છે ત્યાં સુધી આકુળતા છે; પણ જ્યાં પરિણતિ આત્મા તરફ ગઈ ત્યાં વિકલ્પ નથી. જે આત્માને મેં ગ્રહણ કર્યો તે હું પોતે જ છું, આ હું છું–એ જાતના વિકલ્પમાં પણ તે રોકાતો નથી. 'હું છું તે છું.' શ્રદ્ધામાં તો એમ જ છે. સહજ સ્વરૂપ–કુદરત સ્વરૂપ–આત્મા, સહજપણે કુદરતી પરિણમી જાય છે. અનંત ગુણ અદ્‌ભુત અને ચમત્કારિક છે તે રૂપે પોતે સહજ પરિણમી જાય છે. સહજ આનંદ, સહજ જ્ઞાન, સહજ દર્શન, આદિ જે અનુપમ અને અપૂર્વ ગુણ છે તેનું અંશે પરિણમન છે, તે લીનતા વધતાં પૂર્ણરૂપે પરિણમી જાય છે.

સાધકદશામાં શ્રુતજ્ઞાનના ને દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચારો, દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ વગેરે એવા વિકલ્પ આવે છે. અંતરમાં પૂરો ઠરી શકતો નથી ને સ્વાનુભૂતિમાંથી જ્યારે બહાર આવે છે ત્યારે ભક્તિના વિકલ્પો આવે છે. પણ ચૈતન્યનું રહેવાનું સ્થળ બદલાઈ ગયું છે. જ્ઞાનીની લીનતાની આખી દિશા બદલાઈ ગઈ છે–અરે! તેની આખી દુનિયા જ બદલાઈ ગઈ છે. તેનું રહેવાનું સ્થાન પણ આત્મા, બેસવાનું સ્થાન પણ આત્મા, આસન પણ આત્મા, બધું આત્મામય જ થઈ ગયું છે. તેનું આખું જગત બદલાઈ ગયું છે એટલે કે જગત તો જે છે તે છે; પણ પોતે બદલાઈ ગયો છે તેથી બધું બદલાઈ ગયું છે, આત્મામય થઈ ગયું છે.

❀ *શ્રોતા :—ધવલમાં આચાર્યદેવ કહે છે કે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે તો તેમાં શું આશય છે?*

પૂજ્ય બહેનશ્રી :—મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે તેમ આચાર્યદેવ કહે છે તેનો આશય એ છે કે મતિ–શ્રુતજ્ઞાન કે જે જ્ઞાનનો અંશ છે તે, પૂર્ણ જ્ઞાન—કેવળજ્ઞાનને

બોલાવી રહ્યું છે. જે એક અંશ પ્રગટ થયો છે તે કેવળજ્ઞાનને દેખી રહ્યું છે. જેવો આ અંશ છે તેવું જ કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાન પૂર્ણ છે ને આ મતિ–શ્રુત એક અંશ છે, છતાં તે અંશમાં એટલું સામર્થ્ય છે કે તે કેવળજ્ઞાન લીધે છૂટકો કરશે.

દ્રવ્ય કેવા સ્વરૂપે છે, તેની પૂર્ણતામાં કેવળજ્ઞાન કેવું હોય, સાધકદશા–પાંચમું, છઠ્ઠું, સાતમું આદિ ગુણસ્થાન કેવાં હોય તે બધું જે એક અંશ પ્રગટ થયો તેણે જાણી લીધું છે. એક સ્વાનુભૂતિ થઈ તેમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર સંબંધી બધું જાણી લીધું છે. અર્થાત્ કેવળજ્ઞાનની પૂર્ણતા સુધીનું જાણી લીધું છે. તેથી જ્ઞાયકની જે પરિણતિ ને ભેદજ્ઞાનની જે ધારા છે તેને વધારતો જાય છે, દ્રવ્યમાં વધારે લીનતા કરતો જાય છે. એકત્વબુદ્ધિ તો તૂટી જ ગઈ છે; તેથી હવે સ્વરૂપમાં વિશેષ લીનતા કરવાની બાકી છે. તેથી ધ્યાનની ધારા વૃદ્ધિગત થતાં આગળ જાય છે. ધ્યાન એટલે એકાગ્રતા, તે એકાગ્રતાની પૂર્ણતામાં કેવળજ્ઞાન પ્રગટે છે.

❀ *શ્રોતા :—ભેદજ્ઞાનના અભ્યાસમાં હું શરીર નથી, મન નથી, વાણી નથી,– આવા વિચારો આવે છે તે પણ હું નથી. તો પછી શું કરવું ? તે સમજાવવા કૃપા કરશો.*

પૂજ્ય બહેનશ્રી :—અભ્યાસ તો ભેદજ્ઞાનનો જ કરવાનો છે. 'આ હું નથી, આ હું નથી' એમ કહીને પર ને વિભાવથી છોડાવવો છે. છતાં ભેદજ્ઞાનના અભ્યાસમાં ટકી ન શકાય તો શાસ્ત્રસ્વાધ્યાય કરે, વળી પાછો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, નિરાળા રહેવાનો અભ્યાસ કરે. આ હું છું, આ હું નથી, હું તો જાણનાર છું તેમ અભ્યાસ કરવાનો છે.

હું ચૈતન્ય શાશ્વત છું. મારો નાશ થતો નથી. હું નિર્મળ છું, પવિત્ર છું. આવો અભ્યાસ કરે તે પહેલાં વિકલ્પથી થાય,–ઉપર ઉપરથી થાય; પણ ખરું તો ઊંડાણથી કરે તે છે. ઊંડાણ પહેલાંથી આવે નહિ. અનાદિથી બહારનો અભ્યાસ છે ને અશુભમાં પડેલો છે, તેનાથી પાછો વળવા માટે વારંવાર અભ્યાસ કરે. સમજણ ન પડતી હોય તો સત્સંગ કરે, સ્વાધ્યાય કરે, શ્રવણ કરે; પણ ભેદજ્ઞાનના અભ્યાસની પાછળ જ સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે છે. સાચી શ્રદ્ધાપૂર્વક ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો તેમાં સાચી સ્વાનુભૂતિ આવવાનો પ્રસંગ બને.

ભેદજ્ઞાન થયા વગર સાચી અનુભૂતિ થતી જ નથી. જે શરીરને જુદું ન માને, પોતે અંદર જુદું તત્ત્વ છે તેને ઓળખે નહિ અર્થાત્ જુદું તત્ત્વ છે તેને અંદરથી જુદું પાડ્યા વગર સાચી સ્વાનુભૂતિ થતી નથી. વિકલ્પ મંદ પડી જાય, એટલે શાંતિ જેવું કાંઈક લાગે, કંઈક ચમત્કાર દેખાય; પણ અંદરથી વિકલ્પ તૂટીને જે આનંદ આવે તે

આવતો નથી. વિકલ્પોને રોકે, દબાવી દે, પણ અંદરથી છૂટો પડતો નથી ત્યાં સુધી સાચો આનંદ આવતો નથી.

❀ *શ્રોતા :—જ્ઞાની પુરુષો–અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આખો દિવસ શું કરતા હશે? તેને પરમાં તો કાંઈ કરવાનું રહેતું નથી, તો સમય કેમ વ્યતીત કરતા હશે? તે કૃપા કરીને સમજાવશોજી.*

પૂજ્ય બહેનશ્રી :—પરનું કાર્ય કરવાનું હોય તો સમય વ્યતીત થાય એમ નથી. સમ્યગ્દૃષ્ટિને અંતરમાં જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે, જ્ઞાતાની ધારા ચાલે છે. એને તો ક્ષણે ક્ષણે પુરુષાર્થની દોરી ચાલુ છે, સાધનાની પર્યાય થાય છે. ક્ષણે ક્ષણે જે વિભાવ આવે તેનાથી છૂટો પડીને જ્ઞાયકની ધારા–જ્ઞાયકની પરિણતિની-પુરુષાર્થની દોરી–ક્ષણે ક્ષણે ચાલુ જ છે. સહજ જ્ઞાતાધારા ચાલી રહી છે.

જ્ઞાની આખો દિવસ શું કરતા હશે? આત્માનો નિવૃત્ત સ્વભાવ છે. તે વિભાવમાં કે બહારનું કાંઈક કરે તો તેનો ટાઈમ પસાર થાય એવું નથી. અંતરના કર્તા-કર્મ-ક્રિયા આત્મામાં છે. તે બહારનું કાંઈ કરી શકતો જ નથી. હું બીજાનું કરી શકું છું તેવું માત્ર અભિમાન જીવે અજ્ઞાનથી કર્યું છે. જ્ઞાનીને અંતરમાં આત્માની સ્વરૂપ પરિણતિની ક્રિયાનું કાર્ય ચાલુ જ છે, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. કોઈ કોઈવાર વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, પણ ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. ખાતાં-પીતાં, સૂતાં-સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા ચાલુ છે. બાકી તો તે ગૃહસ્થાશ્રમમાં છે તેથી બહારના કાર્યમાં જોડાય; પણ તેની જ્ઞાતાધારા ચાલુ છે. બહારથી કાર્ય કરતા દેખાય છે તો પણ અંતરથી તો જ્ઞાયક જ રહે છે. અંતરમાં જ્ઞાયક થઈ ગયો અને પરનો કર્તા નથી એટલે તેનો સમય વ્યતીત થતો નથી એમ નથી. વિભાવનાં કાર્યોમાં જોડાય તો જ સમય વ્યતીત થાય એમ નથી. તે તો આકુળતા છે. અંદરમાં નિવૃત્તિમય અને શાંતિમય પરિણતિમાં જ તેને સુખ લાગે છે. બહારમાં ક્યાંય સુખ લાગતું નથી.

મુનિઓ અંતરમાં તો અકર્તા છે જ, પરંતુ બહારનું પણ બધું છૂટી ગયું છે. છતાં શાસ્ત્રમાં આવે છે કે મુનિઓ કાંઈ અશરણ નથી. બહારના પંચમહાવ્રતનાં પરિણામો શુભ છે તેનાથી પણ તેમની પરિણતિ છૂટી રહે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થાય છે. એવા મુનિઓ કાંઈ અશરણ નથી, તેમને આત્માનું શરણ પ્રગટ થયું છે. મુનિઓનો આખો દિવસ કેમ જતો હશે? તે પ્રશ્નનો કોઈ અર્થ નથી. તેઓ તો શુદ્ધાત્મામાં લીન રહેતા હોય છે, પ્રચુરસ્વસંવેદનપૂર્વક આનંદને વેદે છે.

તેવી રીતે સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં કાર્યો હોય તો પણ અંદરનાં કાર્યો-અંદર જ્ઞાતાની ધારા–ચાલુ જ છે. ક્ષણે ક્ષણે જે આ વિભાવની પરિણતિ થઈ રહી છે તેનાથી છૂટી પરિણતિ ક્ષણે ક્ષણે ચાલ્યા જ કરે છે, તે કાંઈ અશરણ નથી. જેણે આત્માનું શરણ લીધું છે તેને તો આત્મામાં જ સુખ-શાંતિ-સ્વાનુભૂતિનું કાર્ય ચાલે છે. આત્માની નિર્મળતા વિશેષ પ્રગટ થાય તેવી વિશેષ પુરુષાર્થની દોરી ચાલ્યા જ કરે છે.

સિદ્ધ ભગવાનને બધું છૂટી ગયું તો સિદ્ધ ભગવાન શું કરતા હશે ? દિવસ-રાત શું કરતા હશે ? સિદ્ધ ભગવાનને અનંતગુણ-પર્યાયો છે તે અનંતગુણ–પર્યાયોમાં પરિણમન કર્યા કરે છે. કર્તા-ક્રિયા-કર્મ બધું અંતરમાં પ્રગટ થયું છે અને તે સહજ છે, આકુળતારૂપ નથી. આત્માનો નિવૃત્ત સ્વભાવ પૂર્ણ પ્રગટ થયો છે. ગુણોનું કાર્ય ચાલ્યા કરે છે. જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરે છે, આનંદ આનંદનું કાર્ય કરે છે. એમ અનંતગુણ અનંતગુણનું કાર્ય કરે છે તો પણ પરિણતિ નિવૃત્તિમય છે. સિદ્ધ ભગવાન આખો દિવસ આત્મામાં લીન રહે છે, અદ્ભુત અને અનુપમ દશામાં રહે છે અને તેમાં સંતુષ્ટ છે, તૃપ્તિ અને આનંદ છે.

સમ્યગ્દષ્ટિને ક્યાંય બહાર જવાનું મન થતું નથી, તેમ જ કોઈ કાર્યમાં કર્તાબુદ્ધિએ જોડાવાનું મન થતું નથી. અંદરથી સ્વામિત્વબુદ્ધિએ બહાર જવાની ઇચ્છા થતી નથી. અસ્થિરતાએ જવાય છે તો જવાય છે.

મુનિઓને તો બધું છૂટી ગયું છે અને નિવૃત્તિમય પરિણતિ વિશેષ છે. તેમાં તેઓ કાંઈ થાકતા નથી અને બહાર જવાનું મન પણ થતું નથી. હું આત્મામાં કેમ રહી જાઉં, સ્વાનુભૂતિની દશામાંથી ક્ષણે ક્ષણે બહાર આવવું પડે છે તેના કરતાં અંતરમાં શાશ્વત કેમ રહી જાઉં એવી ભાવના મુનિઓને હોય છે. તેમાં જ તેમને તૃપ્તિ અને આનંદ છે. ક્ષણે ક્ષણે બહાર જવું પડે છે તે ન જવાય તેવી તેમની ભાવના રહે છે. આત્માનું સ્થાન છોડીને બહાર જવું રુચતું નથી. અનંત આનંદ-સુખનું ધામ આત્માનો બાગ છોડીને બીજે ક્યાંય બહાર જવાનું મન થતું નથી. તેમનો આખો ટાઈમ આત્મામાં જ પસાર થાય છે. અને સમ્યગ્દષ્ટિને જ્ઞાયકની ધારા પ્રગટ છે, પુરુષાર્થની દોરી ચાલુ છે. તેથી તેમનો ટાઈમ કેમ પસાર થાય ? તેવો પ્રશ્ન જ રહેતો નથી. આ જ માર્ગે અનંતા જીવો–અનંતા સાધકો મોક્ષ પામ્યા છે.

❀ *શ્રોતા :—આત્માનું સ્વરૂપ બોલવામાં જેટલું સહજ દેખાય છે એટલું સહજ અમને પ્રાપ્ત થાય ખરું ?*

પૂજ્ય બહેનશ્રી :—સ્વભાવ સહજ છે, પણ અનાદિનો વિભાવમાં પડેલો છે

એટલે સહજ દેખાતું નથી. તેના જ્ઞાન, આનંદ, અસ્તિત્ત્વ, વસ્તુત્વ આદિ બધા ગુણો અનાદિ-અનંત સહજ છે. તેમ જ વસ્તુ પોતે પણ સહજ છે, કોઈએ બનાવી નથી. જે સ્વભાવ હોય તે સહજ હોય, તથા પોતાના સ્વભાવમાં જવું તે પણ સહજ છે; પણ પરપદાર્થને પોતાના કરવા તે અશક્ય છે. જડ અને ચેતન પોતાનું કાર્ય જુદું-જુદું કર્યા કરે છે. જડ પોતાનું થતું નથી. ક્યાંથી થાય ? કેમકે જડ અને ચૈતન્ય બંને જુદાં છે ને જુદાં હોય તે એક ક્યાંથી થાય ? આમ જડ પોતાનું થતું નથી. પણ ચૈતન્યને–પોતાને ગ્રહણ કરીને પોતારૂપ થવું તે સહજ છે. પોતાના સ્વભાવરૂપે પરિણમવું તે સહજ છે. જેમ પાણી શીતળ છે તેને શીતળતારૂપે પરિણમવું તે સહજ છે. પાણી અગ્નિના નિમિત્તે ગરમ થયું, પણ તેને શીતળ થવું સહજ છે, કારણ કે તે પાણીનો સ્વભાવ હોવાથી અગ્નિથી છૂટું પડે એટલે શીતળ થઈ જ જાય છે. પણ પાણીને એમ ને એમ ગરમ રાખ્યા કરવું તે અશક્ય છે. તેમ અનંતકાળ ગયો તો પણ જીવ શરીરરૂપે થયો નથી, તે રૂપે થવું અશક્ય છે કારણ કે પરપદાર્થ છે તેની સાથે રહે તો પણ જડરૂપે થાય નહિ. આત્મા પોતા તરફ વળે, જ્ઞાયકને ગ્રહણ કરે તો થોડા જ કાળમાં સ્વાનુભૂતિ અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે, કારણ કે તે પોતાનો સ્વભાવ છે. તેને માટે અનંતકાળ જોઈતો નથી. પરપદાર્થને પોતાના કરવામાં અનંતકાળ ગયો, તો પણ પોતાના થયા નહિ. જ્યારે પોતાને ગ્રહણ કરવામાં અનંતકાળ જોઈતો જ નથી, અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે પોતાને ગ્રહણ કરવો–પોતાની પ્રાપ્તિ કરવી તે સહજ છે.

❀ જે મનુષ્ય અહીં મૃત્યુના વિષયને ન તો ભૂતકાળમાં પ્રાપ્ત થયો હોય, ન વર્તમાનમાં પ્રાપ્ત થતો હોય અને ન ભવિષ્યમાં પ્રાપ્ત થવાનો હોય; અર્થાત્ જેનું મરણ ત્રણે કાળે સંભવ ન હોય તે જો કોઈ પ્રિયજનનું મરણ થતાં શોક કરે તો એમાં તેની શોભા છે. પરંતુ જે મનુષ્ય સમયાનુસાર પોતે જ મરણને પ્રાપ્ત થાય છે તેનું બીજા કોઈ પ્રાણીનું મરણ થતાં શોકાકુળ થવું અશોભનીય છે. અભિપ્રાય એ છે કે જો બધા સંસારી પ્રાણી સમય અનુસાર મૃત્યુ પ્રાપ્ત થાય છે તો એકે બીજાનું મૃત્યુ થતાં શોક કરવો ઉચિત્ નથી. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

*

[તા. ૧૦-૨-૨૦૦૦]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમજ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ | : શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન |

**સીમંધર-જિનમંદિરનો વાર્ષિક અષ્ટાહ્નિકા-પ્રતિષ્ઠામહોત્સવ :—** વિ.સં. ૧૯૯૭માં શ્રી નાનાલાલભાઈ આદિ જસાણી-પરિવાર તરફથી નિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની ૬૦મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે અષ્ટાનહ્નિકા ઉત્સવ મહા વદ ૧૦, બુધવાર, તા. ૧-૩-૨૦૦૦થી ફાગણ સુદ ૨, બુધવાર, તા. ૮-૩-૨૦૦૦ સુધી 'શ્રી વીસવિહરમાન-જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્ર-ભક્તિ, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

**પંચમેરુ-નંદિશ્વરજિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—** સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીના અતિ મનોજ્ઞ પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો ૧૫મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ-૪, ગુરુવાર, તા.૯-૩-૨૦૦૦ થી ફાગણ સુદ-૭, રવિવાર, તા. ૧૨-૩-૨૦૦૦ સુધી 'પંચકલ્યાણક વિધાનપૂજા, નંદીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

**નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ :—** ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૧૩-૩-૨૦૦૦ થી તા. ૨૦-૩-૨૦૦૦ સુધી શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલયમાં પૂજા, જિનેન્દ્રભક્તિ અને અધ્યાત્મ-જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

**પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—** ફાગણ સુદ-૧૩, શનિવાર, તા. ૧૮-૩-૨૦૦૦ના રોજ

શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરની ૨૯મી પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

## સમ્યક્ત્વજયંતી-મહોત્સવ પત્રિકાની લેખનવિધિ

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૮મી સમ્યક્ત્વ-જયંતી તા. ૨૬-૩-૨૦૦૦ રવિવાર થી તા. ૩૦-૩-૨૦૦૦ ગુરુવાર (ચૈત્ર વદ ૧૦) પાંચ દિવસ સુધી સોનગઢમાં રાજકોટનિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવારની તરફથી મનાવવામાં આવશે. નિમંત્રણ પત્રિકાની લેખન તથા પ્રેષણની મંગળ વિધિ સોનગઢમાં તા. ૨૫-૨-૨૦૦૦, શુક્રવારના દિવસે ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય-સમાચાર :—

જેતપુરનિવાસી (હાલ કલકત્તા) શ્રી જિતેન્દ્રભાઈ ભાનુભાઈ દેસાઈ (વર્ષ-૪૯) તા. ૨૪-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, કલકત્તાના ઉપ-પ્રમુખ હતા. નૂતન નિર્માણાધીન દિગમ્બર જિનમંદિરના વીતરાગ વિજ્ઞાન ભવનના શીલાન્યાસનો તેઓએ લાભ લીધો હતો.

લાઠીનિવાસી શ્રી કાંતિલાલ મણીલાલ ભાયાણી (વર્ષ-૮૦) (તે સ્વ. શ્રી જયંતીભાઈ ભાયાણીના નાનાભાઈ) તા. ૧૪-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ચંદનબેન નવનીતભાઈ શાહના ધર્મપત્ની (વર્ષ-૫૮) તા. ૧૫-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હતો.

જામનગરનિવાસી (હાલ દીલ્હી) શ્રી અમૃતલાભાઈ નથુભાઈ મહેતા (વર્ષ-૭૭) તા. ૧૫-૧-૨૦૦૦ના રોજ હૃદયરોગના હુમલાથી અચાનક સોનગઢમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ બ્ર. શ્રી ચંદુભાઈ તથા બ્ર. હરિભાઈના સાથીપણે રહીને ઘણા વર્ષો સુધી પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો ઘણો લાભ લીધો હતો. અંતિમ વર્ષોમાં ઘણી વખત સોનગઢ રહીને પણ ઘણો લાભ લીધો હતો.

સોનગઢનિવાસી શ્રી કાશીબેન મોતીલાલ (લાઠીનિવાસી સ્વ. શ્રી લાલજીભાઈના દીકરી) (વર્ષ-૯૨) તા. ૧૮-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ જ લાભ લીધો હતો.

નાયરોબીમંડળના ટ્રસ્ટીશ્રી વેલજીભાઈ નરશીભાઈ (વર્ષ-૮૩) (નાયરોબી મંડળનાં મંત્રીશ્રી પ્રવિણભાઈના પિતાશ્રી) તા. ૨૩-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી નાયરોબી પધારેલ ત્યારે ખૂબ જ ઉત્સાહથી તેઓએ ભાગ લીધો હતો.

ગઢડાનિવાસી સ્વ. શ્રી જગજીવનદાસ ગોપાળજી કામદારના સુપુત્રી શ્રી સુધાબેન ભોગીલાલ શાહ (ભાયંદર) (વર્ષ-૪૭) તા. ૨-૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. *

રાજકોટનિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર તરફથી
સુવર્ણપુરીમાં ઉજવાનાર

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૮મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

સમ્યક્ત્વતીર્થઉદ્યોતક સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમભક્ત સમ્યક્ત્વતીર્થ, સ્વાનુભવવિભૂષિત, પ્રશમ-પરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૮મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાજકોટનિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર દ્વારા અત્યાનન્દોલ્લાસ સહિત ઉજવવામાં આવશે. તદ્‌નુસાર સુવર્ણપુરી અધ્યાત્મસાધનાતીર્થમાં તા. ૨૬-૩-૨૦૦૦, રવિવારથી તા.૩૦-૩-૨૦૦૦, ગુરુવાર (ફાગણ વદ-૧૦) પાંચ દિવસ સુધી 'સમ્યક્ત્વજયંતી'નો આ પંચાહ્નિક મંગલ મહોત્સવ શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વ મહિમાપૂર્ણ આધ્યાત્મિક ટેપ-પ્રવચન, દેવગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા વગેરે અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી બધા મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો અમૂલ્ય લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

*અનુરોધક—*

*વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર,*
*રાજકોટ*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

*જાણવાલાયક પણ હું, જાણનાર પણ હું ને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું, ત્રણે થઈને વસ્તુ તો એક છે. પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય-કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા તેનો જ્ઞાતા છે એમ પણ નથી.

* અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ દ્રવ્યો જ્ઞેય નથી.

* આહાહા ! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ ! કેવો અગમ્ય છે ! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી ગઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ-પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક-ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપે દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી, આર્ત્ત-રૌદ્રધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી. આહાહા ! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણોનો અંત નથી—એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપે જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીરસ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહીં, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય છે ને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

*

## ✽ પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલને જાહેર કરે છે ✽

મકાન મંદિર આદિ પુદ્‌ગલદ્રવ્યમાં વિસ્તરે છે—જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે—જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે—જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે, તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂ. ૨૦૪/– અલગ]